અપીલ અરજી નં.૭૨ તા.૨૬–૫–૧૦/૧૧

અરજદારઃ– શ્રી સુરેશ એમ. પટેલ
સામાવાળાઃ– એડી. સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :–** આરટીઆઈ એકટ હેઠળ શ્રી સુરેશ એમ. પટેલની તા.૨૬–૪–૧૦ની અરજીથી બીપીએમસી એકટની કલમ–૨(૪૦) (૧) માં જાહેર ન્યુસન્સની વ્યાખ્યામાં સમાવી છે હા યા ના માં માહિતી આપવા બાબત.

**સંદર્ભ :–** અરજદાર મજકુરની તા.૨૬–૫–૧૦ ની **SMC/FAP/** નં.૭૨/૨૦૧૦–૧૧

શ્રી સુરેશ એમ. પટેલની તા.૨૬–૪–૧૦ ની અરજીથી બીપીએમસી એકટની કલમ–૨(૪૦) (૧) માં જાહેર ન્યુસન્સની વ્યાખ્યામાં સમાવી છે. હા યા ના માં માહિતી આપવા બાબતે નિયત સમય અવધિમાં પ્રત્યુત્તર મળેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૬–૫–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૩૧૬ તા.૫–૬–૧૦ થી એડી. સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી અત્રેના વિભાગને કોઈ માહિતી મળેલ નથી.

અરજદારની તા.૨૬–૪–૧૦ ની અરજીથી બીપીએમસી એકટની કલમ–૨(૪૦) (૧) માં જાહેર ન્યુસન્સની વ્યાખ્યામાં સમાવી છે. હા યા ના માં માહિતી આપવા બાબતે જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનને અરજી કરવામાં આવેલ. જે બાબતે સમય મર્યાદામાં માહિતી કે પ્રતિભાવ ન મળતા અરજદારે તા.૨૬–૫–૧૦ ના રોજ અપીલ અરજી કરેલ છે. અરજદારને જાહેર માહિતી અધિકારી તરફથી કોઈ માહિતી પૂરી પાડેલ જણાતી નથી કે આરટીઆઈ એકટની કલમ–૮,૯ કે ૧૧ હેઠળ ઈન્કારનું કોઈ કારણ જણાવેલ નથી.

અરજદારે માંગેલી માહિતીમાં અરજદાર સ્વયં સ્પષ્ટ જણાતા નથી. " બીપીએમસી એકટની કલમ–૨(૪૦)(૧) માં જાહેર ન્યુસન્સની વ્યાખ્યામાં સમાવી છે." પરંતુ અરજીનું વિષય વસ્તુ જોતાં બીપીએમસી એકટની કલમ–(૨)(૪૦)(૧) ની જોગવાઈ પૃચ્છા કર્તા હોય તેવું માલુમ પડે છે. બીપીએમસી એકટ જાહેર કાયદો છે જે કોઈ પણ વ્યકિત કાયદાના અધિકૃત પુસ્તક વિક્રેતા પાસેથી મેળવીને જાણી શકે. તેમ છતાં અરજદાર ઈચ્છુક હોય તો જાહેર માહિતી અધિકારીનો સંપર્ક કરી તેઓ કક્ષાએ ઉપલબ્ધ કાયદાની જોગવાઈમાંથી તેની તપાસણી કરી શકે કે ઉતારો કરી શકે છે. નિયત ફી ભરપાઈ કરીને નકલ મેળવી શકે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારે તા.૨૬–૪–૧૦ ની અરજીથી માંગેલ માહિતી અંગે અરજદાર જાહેર માહિતી અધિકારીનો આગોતરો સમય મેળવી તેઓ કક્ષાએ ઉપલબ્ધ બાબત હેઠળની નિર્દિષ્ટ કાયદાકીય જોગવાઈની નકલ આરટીઆઈ કાયદાની કલમ–૭(૩) સાથે નિયમ–૫ હેઠળ ફી ભરપાઈ કરી માહિતી મેળવવા સ્વતંત્ર છે.

અરજદાર ધ્વારા સંપર્ક થયેથી હુકમ મુજબ અમલવારી કરી તેની જાણ અત્રે કરવા જાહેર માહિતીને જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૬–૧૦

ડે.કમિશ્નર (જનરલ)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)... ..જાણ તથા અમલ માટે
(૨) શ્રી સુરેશ એમ. પટેલ,